| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| નોંધણી તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**૫માં એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,મહેસાણાની કોર્ટ સમક્ષ,**
**મુ.મહેસાણા.**

**ફોજદારી પ.અરજી નં. ૨૬૮/૨૦૨૬**

**આંક :–૧૦**

(૧) **પટેલ બચુભાઇ ડાહ્યાભાઇ,** **...અરજદાર**
ઉ.વ.આ.૮૧, ધંધો–નિવૃત્ત,
રહે, ૬, અંબિકાનગર સોસાયટી,કડી, તા.કડી
જી. મહેસાણા.

હાલ જીલ્લા જેલ પાટણમાં છે.

**વિરૂધ્ધ**

(૧) **ધી સ્ટેટ ઓફ ગુજરાત.** **...સામાવાળા**
(૨) **જીગ્નેશકુમાર રમણભાઇ માધવલાલ પરમાર**
રહે,ઇન્દીરાનગર, વિભાગ–૨, નાનીકડી,
તા.કડી, જી. મહેસાણા

**બાબત ::** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ–૪૮૩ (ક્રિમી.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન અરજી કરેલ છે.**

| | |
|---|---|
| **કડી પો. સ્ટેશન ગુ. રજી. નં.** | ૧૧૨૦૬૦૨૦૨૬૦૨૧૮/૨૦૨૬ |
| **ગુના :** | બી.એન.એસ.એસ.નીકલમ–૧૦૮, |

| | |
|---|---|
| | ૩૦૮(૨),૩૫૨,(૩),૩૫૨(૨) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩(૧)(આર),૩(૧)(એસ),૩(૨)(૫), તથા ગુજરાત નાણાં ધિરધાર કરનાર બાબત અધિનિયમનીકલમ–૫, ૩૯, ૪૦, ૪૨ (એ) મુજબ. |

અરજદાર તરફે :– વિ.વકીલશ્રી **બી.બી.સરોદે**

સામાવાળા તરફે :– વિ.એ.પી.પી.શ્રી **એ.એસ.મકવાણા**

મુળ ફરિયાદી :– તર્ફે વિ.વ.શ્રી **એમ.આર. ગુર્જર**

## –: જ જ મે ન્ટ :–

**(૧)** અરજદાર/આરોપીઓની હાલની અરજી એવી છે કે, તેઓની સામે કડી પો.સ્ટે. પાર્ટ એ ગુના રજી.નં.૧૧૨૦૬૦૨૦૨ ૬૦૨૧૮/૨૦૨૬ થી બી.એન.એસ. એસ.નીકલમ–૧૦૮,૩૦૮(૨), ૩૫૨,(૩),૩૫૨(૨) અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ પ્રતિબંધ અધિનિયમની કલમ–૩(૧)(આર),૩(૧)(એસ),૩(૨)(૫) તથા ગુજરાત નાણાં ધિરધાર કરનાર બાબત અધિનિયમની કલમ–૫,૩૯,૪૦, ૪૨(એ) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાના કામે અરજદાર/આરોપી તા.૦૩/૦૩/૨૦૨૬ થી જયુડી. કસ્ટડીમાં હોઇ નિયમિત જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**(૧.૧)** અરજદાર/આરોપી તરફે તેની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

૧. માર્ક–૪/૧ થી એફ.આઇ.આર.ની નકલ,

૨. માર્ક–૪/૨ થી ક્રિ.કે.નં.૧૭૦૩/૨૨ના ફરીયાદની નકલ,

૩. માર્ક–૪/૩ થી બાહેંધરી લેખ

(૨) અરજદાર/આરોપીની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતાં તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે, તપાસના કાગળો રજુ કરેલ છે.

<u>એફ.આઇ.આર.ની હકીકત</u> :-

(૩) હાલના ગુનાની એફ.આઇ.આર. હકીકત એવી છે કે, તા.૨૬/૦૨/૨૬ના રોજ સાડા અગીયાર વાગ્યાના સુમારે પરમાર કમલેશભાઇ રમણભાઇ, કડી મામલતદાર કચેરી ખાતે આવેલ, તેઓની ફેબ્રીકેશનની દુકાનથી કયાંય ગુમ થઇ ગયેલ અને તેમની પોતાના હસ્તાક્ષરમાં લખેલ ચિઠ્ઠી તેમનો મોબાઇલ તથા બાઇક મુકીને કયાંક ગુમ થઇ ગયેલ હતા તેમની શોધખોળ કરતા તેઓ મળી ન આવતાં તા.૨૭/૦૨/૨૬ના રોજ તેમની ભાભી આરતિબેન ગુમ થયા અંગેની જાણ કડી. પો.સ્ટે કરેલ અને તેઓના હસ્તાક્ષરમાં લખેલ ચિઠ્ઠી કડી પો.સ્ટે.માં આપેલ હતી. ત્યારબાદ તેઓ બધા તેમના ભાઇ કમલેશભાઇની શોધખોળ કરતાં હતા તે દરમ્યાન તા.૦૧/૦૩/૨૬ના રોજ બપોરના આશરે સાડા ચારેક વાગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માંથી તેમના ઉપર ફોન આવેલ અને કમલેશભાઈ સાથે તેમનો શું સંબંધ છે તે બાબતે પુછપરછ કરતા તેમને જણાવેલ કે કમલેશભાઇ બપોરના સમયે ગાંધીસગર પથિકા ડેપો બહાર ઉધઇ મારવાની દવા પી લીધેલ છે અને ગાંધીનગર સિવિલમાં સારવાર સારુ દાખલ કરે છે તેવો ફોન આવતા ફરિયાદી તથા તેમના ભાઈ પ્રદિપ ભાઈ તથા તેમના મમ્મી તથા તેમના ભાભી આરતીબેન તથા તેમના કાકાના દિકરા ભરતભાઈ એ રીતે એકબીજાને ટેલીફોનીક સંપર્ક કરી ગાંધીનગર કમલેશભાઈ પાસે વારાફરથી ગાંધીનગર આવેલ તેમને જાણવા મળેલ કે પથિકા ડેપો બહાર ઉધઈ મારવાની દવા પી લીધેલ છે. તેનાભાઈ કમલેશભાઈને જતા તે બોલી શકે તેમ હતા તેઓની સારવાર ચાલુ હતી અને આઈ.સી.યુ.વોર્ડ મા દાખલ કરેલ હતા, સારવાર દરમ્યાન તા.૦૩/૦૩/૨૦૨૬ના ક.

૦/૧૦ વાગે ડૉ સાહેબે તેઓને મરણ જાહેર કરેલ. ગજુરનારની સ્યુસાઇડ નોટ મળેલ, જેમાં જણાવેલ લોકો વીસ ટકા વ્યાજ ગણીને લાખો રુપિયા માંગવા માંડયા છે તેમજ આ લોકોને ચેક આપેલા છે, આ લોકોએ ખોટી રકમ ભરીને ફસાવી દીધો છે વિગેરે લખેલ તેમજ લક્ષ્મણભાઈ મકવાણા તથા <u>પટેલ બચુભાઈ</u>, પટેલ લાલજીભાઈ અગોલવાળા, નટવરભાઈ મકવાણા, યુવરાજસિંહ,નિર્મલસિંહ બામરોલીવાળા, પ્રવિણભાઈ પરમાર ઉધરોજવાળા, રબારી વિપુલભાઈ કડી વાળા અને જવેરભાઈ વિગેરે ગુજરનાર ઉપર ખોટી ફરિયાદ કરી ખોટી રીતે વ્યાજ વસુલ કરવા સારુ તેઓને હેરાન પરેશાન કરી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ ૨૦ ટકા વ્યાજ ગણી લાખો રુપિયા માંગતા હોય તેવું સ્યુસાઇડ નોટમાં લખેલ છે. ગુજરનાર અનુસુચિત જાતિના હોય તેમ જાણતા હોવા છતાં જાતિ વિષયક અપશબ્દો બોલી પૈસા નહી આપો તો તમારુ ઘર સળગાવી જાનથી મારી નાંખીશું તેવી ધમકીઓ આપતા હોવાથી તેમના ભાઈએ આ લોકોના અસહ્ય ત્રાસથી તેમજ ડર ના કારણે ગુજરનારે દવા પિ લીધેલ છે અને તેના કારણે મૃત્યુ થયેલ છે તેવુ જાહેર કરેલ છે.

**<u>અરજી હકીકત તથા અરજદાર તરફે રજુઆતો</u> :-**

(૪) અરજદાર તરફે તેઓની અરજીમાં તથા તેમના વિ.વ.શ્રીએ ફરીયાદ હકીકત વંચાણે લઇ, અરજી મુજબની દલીલો કરેલ છે અને વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારે કહેવાતો ગુનો કરેલ નથી, અરજદાર તદ્રન નિર્દોષ છે, સદર ગુના વિશે કશું જાણતા નથી, અરજદાર કુટુંબ કબિલાવાળા માણસ છે અને અરજદાર ૮૧ વર્ષના વયોવૃધ્ધ છે. અરજદાર પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાતરી આપે છે અને અરજદાર નામ.કોર્ટ જે શરતો ફરમાવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેવી ખાતરી આપે છે. અરજદાર સ્થાવર તેમજ જંગમ મિલ્કત ધરાવે છે અને અરજદાર કયાંય નાસી

ભાગી જાય તેમ નથી. અરજદાર સમાજના પ્રતિષ્ઠીત વ્યકતિ છે અને અરજદારને વધારે જેલમાં રાખવામાં આવે તો અરજદારની પ્રતિષ્ઠાને હાનિ પહોચે તેમ છે. અરજદારે વર્ષ ૨૦૧૯–૨૦માં ગુજરનારને ટુકડે ટુકડે ચાર લાખ રુપિયા હાથ ઉછીના આપેલા અને તેનું કોઇ વ્યાજ લેતા ન હતા, આ અંગે તા.૨૯/૨/૨૦ના બાહેંધરી લેખ લખી આપેલ હતો ત્યાર બાદ તા.૩૧/૦૩/૨૨ના ગુજરનારે અરજદારને રૂ. બે લાખનો ચેક આપેલ જે પરત ફરતા તે અંગે કડી કોર્ટમાં ધી નેગો ઇન્સ્ટુ.એકટનીકલમ–૧૩૮ ના ગુના અંગે ક્રિ.કે.નં. ૧૭૦૩/૨૦૨૨ દાખલ કરેલ તે કામે ગુજરનાર લાંબા સમયથી મુદતે હાજર રહેતા ન હતા અને વર્ષ ૨૦૨૪ થી વોરંટ ચાલે છે તે વોરંટ પણ બજતુ ન હતુ અને તે રીતે હાલના અરજદાર ઘણાં સમયથી ગુજરનારના કોઇ સંપર્કમાં હતા નહી. અરજદારે ગુજરનારને જે પૈસા આપેલા તે પરત લેવા માટે કાયદાની પ્રક્રિયા અનુસરીને કોર્ટમાં કેસ કરેલ છે. ફરિયાદ નવ વ્યકતિ વિરુધ્ધ દાખલ કરેલ છે અને તેમાં બનાવ છેલ્લા દોઢ વર્ષમાં બન્યાનું જણાવે છે. હાલના અરજદારને ગુજરનારને આત્મહત્યા કરવા પ્રેરેલ હોય કે વ્યાજ લીધેલ હોય તેવું જાહેર થતું નથી. બાહેંધરી લેખમાં ગુજરનારે લીધેલ રકમ સ્પષ્ટ જણાવેલ છે અને તેનાથી ઓછી રકમનો ચેક છે. ત્યારે ૨૦ ટકા વ્યાજનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારે ગુજરનારને કોઇ જાતિ વિષ્યક શબ્દો કહ્યા હોય તેવું પણ એફ.આઇ.આર.માં જાહેર થતું નથી. એફ.આઇ.આર. મુજબના તમામ આરોપીઓ અલગ અલગ જાતિના અને ગામના છે. સ્યુસાઇડ નોટન સહી અને માર્ક ૯/૧ વાળા લેખની સહી અલગ છે. બનાવમાં અરજદારનો કોઇ રોલ નથી. અરજદાર ખુબજ વૃધ્ધ ઉંમરના છે. અરજદારને જો જામીન ઉપર છોડવામાં આવશે તો તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે. સદર ગુનાના કામે નામદાર કોર્ટ ધ્વારા જે કાંઈ શરતો મુકવામાં આવશે તો તેનું પાલન કરવાની ખાતરી અને ભરોસો આપે છે.

**<u>સામાવાળા તરફે સોગંદનામા હકીકત તથા વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો</u> :-**

(૫) સરકાર તરફે **આંક-૦૬** થી ત.ક.અમલદારનું સોગંદનામું રજુ થયેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ એફ.આઇ.આર. હકીકત જણાવી સોગંદનામા મુજબની રજુઆત કરેલ છે અને એવું જણાવેલ છે કે, અરજદાર સામે પ્રથમદર્શનિય ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ છે,અરજદારનુ એફ.આઇ.આર.માં નામ છે, ગુજરનારની સ્યુસાઇડ નોટ મળેલી. હાલના અરજદારે ખોટી રકમ ભરી ચેક રીટર્ન કરાવેલ છે. અરજદારે ગુજરનારને મકાન ખરીદવા ઉછિના પૈસા આપેલ હોવાની હકીકત જણાઇ આવેલ છે અને તેથી પૈસાની લેવડ દેવડ તે અંગે ફલીત થાય છે. અરજદાર અને અન્ય આરોપીઓના કારણે ગુજરનારે આત્મહત્યા કરેલ છે. જામીન ઉપર મુકત કરવાથી સાહેદોને તોડવા અને ફોડવા ફરિયાદ થશે તથા મુદતે હાજર રહેશે નહી. ૧૦વર્ષ સુધીની સજાને પાત્ર છે તેમ જણાવી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

આ કામે મુળ ફરિયાદી તર્ફે આંક-૦૮થી લેખીત વાંધા રજુ કરેલ છે અને તેમાં એવું જણાવેલ છેકે, અરજદાર પાસેથી ગુજરનારે ઉછીના પૈસા લીધેલા તે પરત ચુકવી આપેલ છે, તેઓએ વીસ ટકા વ્યાજ ગણેલ છે, ફરિયાદીએ ફરિયાદમાં લખાવેલ છે કે આરોપીઓએ તેના ઘરે આવી ગુજરનારના પત્નીને ધમકી આપી હતી કે, ચેકના કેસમાં અમારે કોર્ટના ધકકા ખાવાના તેમ કહી જાતિ અપમાનિત શબ્દો બોલી પૈસાના વ્યાજ નહી આપો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપેલ, આમ આરોપીઓના ત્રાસના કારણે ગુજરનારે જીવન ટુંકાવેલ છે તેથી જામીન આપવા ન જોઇએ. માર્ક ૯/૧ થી તા.૨૯/૦૨/૨૦ના બાહેંધરી લેખની નકલ રજુ કરેલ છે.

(૬) અરજદાર/આરોપીની નિયમિત જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથેના દસ્તાવેજો તથા ત.ક.અમલદાર ધ્વારા રજુ કરેલ સોગંદનામું

તથા તપાસના કાગળો ધ્યાને લીધા તથા અરજદાર/આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૭) આ કામે હાલની અરજી ના નિર્ણય સમયે એ નોંધવુ જરૂરી છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ ના લક્ષમણ કરમણભાઇ ગઢવી વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૩)જી. એલ. આર. ૨૨૮૮ તથા નામદાર સુપ્રિમ કોર્ટના અફજલ ખાન ઉર્ફે બાબુ મુર્તુજાખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૩)જી એલ આર. ૨૨૮૩ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ જામીન અરજી ના તબક્કે કેસના ગુણદોષની ઉંડાણપુર્વક ચર્ચા કરવાની રહેતી નથી.

(૮) ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં, દરેક કેસની હકીકત અને આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ તથા આરોપીની સ્થીતી, આરોપીનો ભુતકાળ, ગુન્હાની ગંભીરતા, તપાસનો તબકકો, બનાવની સામાજીક અસર, સજાની જોગવાઇ, આરોપીનો ઈતિહાસ, કેસની હકીકત વિગેરે ધ્યાને લઇ જામીન અરજીનો નિર્ણય ચુકાદાઓમાં દર્શાવેલ સિધ્ધાંતો ધ્યાને રાખી કરવાનો રહે છે.

હાલના કેસની હકીકત જોઇએ તો, અરજદાર/આરોપીઓ સામે મહત્તમ ૧૦ વર્ષની કેદની સજાને પાત્ર ગુનો છે, પોલીસ તપાસના કાગળો તથા એફ.આઈ.આર. જોતાં હાલના અરજદાર સામે ગુનો કર્યો અંગેના આક્ષેપો છે. અરજદારની હાજરી તપાસના કામે જરૂરી નથી. અરજદાર તા.૦૩/૦૩/૨૦૨૬ થી કસ્ટડીમાં છે. અરજદારનો ગુનાહિત ભૂતકાળ નથી તેવું પોલીસ સોગંદનામામાં જાહેર થયેલ છે, કોઈ દસ્તાવેજ કબજે કરવાનો બાકી નથી. અરજદાર સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ તેવું જાહેર થયેલ નથી. તપાસના કાગળો જોતાં એવું જાહેર થાય છે કે, ગુજરનાર સાથે હાલના અરજદારની છેલ્લે વાતચિત તા.૨૦/૧૧/૨૪ના થયેલ છે, ત્યારબાદ થયેલ નથી. અરજદાર તર્ફે રજુ થયેલ માર્ક ૯/૧ના

બાહેંધરી લેખ મુજબ અરજદારે ગુજરનારને રૂ.૪,૦૦,૦૦૦/– તા.૧૮/૦૨/૨૦ના ૯ માસની મુદત માટે હાથ ઉછીના આપેલ હતા. અરજદારની રજુઆત મુજબ આ લેણુ ચુકવવા ગુજરનારને તેને રૂ,૨,૦૦,૦૦૦/–ને ચેક આપેલ હતો. પોલીસ તપાસ દરમ્યાન હાલના અરજદારે ગુજરનાર સામે આ ચેક બાઉન્સ થતાં તે અંગે ધી નેગો ઈન્સટુ.એકટની કલમ–૧૩૮ અન્વયે નોટીસ તા.૧૧/૦૪/ ૨૦૨૨ ના આપેલ અને ત્યારબાદ ધી નેગો ઈન્સટુ.એકટની કલમ– ૧૩૮ના ગુના અંગે મે–૨૦૨૨માં ફરિયાદ દાખલ કરેલ, જેનો ફો.કેસ નં.૧૭૦૩/૨૨ છે અને ત્યારથી ગુજરનાર સામે જે કેસ પેન્ડીંગ છે. પોલીસ તપાસ દરમ્યાન એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, તે કેસના કામે ગુજરનાર સામે પકડ વોરન્ટ ચાલે છે અને વર્ષ–૨૦૨૪ થી કડી કોર્ટમાં મુદતે હાજર રહેલ નથી. ગુજરનારે આત્મહત્યા કરી તેના પહેલા હાલના અરજદાર ગુજરનારને ક્યારે મળેલ તેવી હકીકત અત્યાર સુધીની તપાસમાં જાહેર થયેલ નથી. પોલીસ તપાસમાં કબજે થયેલ સ્યુટસાઈડ નોટમાં હાલના અરજદારનું નામ લખેલ છે અને તેને રૂ.૮,૦૦,૦૦૦/– વ્યાજ ચુકવ્યાનુ લખેલ છે પરંતુ કયારે ચુકવ્યા તે કોઈ હકીકત અત્યાર સુધીની તપાસમાં જાહેર થતી નથી. તે ઉપરાંત ગુજરનારનું મરણોન્મુખ નિવેદન જોઈએ તો પણ હાલના અરજદાર સામેના આરોપીની હકીકતને સમર્થન થતું નથી. હાલના અરજદાર દ્વારા જે લેણાં અંગેની તેની સામે ફરિયાદ દાખલ થયેલ છે તે લેણાની વસુલાત સબંધે ચાર વર્ષ અગાઉ કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. આથી વધુ તેના ગુણદોષ અંગે ચર્ચા કરવી યોગ્ય નથી. પરંતુ ચાર વર્ષથી હાલના અરજદાર અને ગુજરનાર વચ્ચે તકરાર ચાલતી હતી તે હકીકત છે અને લેણી રકમ વસુલ કરવા અરજદારે કાયદેસરના ઉપચાર શરુ કરેલા તે રેકર્ડ ઉપરથી જણાય છે. અરજદારની લેણી રકમ ચુકવેલ છે કે કેમ તે ફો.કે.નં.૧૭૦૩/૨૨ના કામે જે તે કોર્ટે નકકી કરવાનું હતુ. સમગ્ર હકીકત જોતાં હાલના અરજદારને લગતી મહત્વની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર અને ગુજરનાર વચ્ચે અગાઉથી કોર્ટ કેસ

ચાલે છે ત્યારે પુરાવા સાથે ચેડા થવા કે નાશ થવાની કોઈ સંભાવના નથી. સમગ્ર તપાસના કાગળો જોતાં તથા હાલના અરજદારની ઉંમર ધ્યાને લેતાં સજાની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારને જામીન ઉપર મુક્ત કરવા હુકમ કરવો ન્યાયી જણાય છે, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**૧.** હાલના અરજદાર/આરોપી **પટેલ બચુભાઈ ડાહ્યાભાઈ**ની હાલની નિયમિત જામીન ઉપર મુકત થવાની ફો.પ.અ.નં.૨૬૮/૨૦૨૬ આથી **મંજુર** કરવામાં આવે છે.

**શરતો:-**

**૧.** આ કામના અરજદારે રૂ.૨૫,૦૦૦/- ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકો રજુ કર્યેથી આ ગુનાના કામે ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની શરતે જામીન મુક્ત કરવામાં આવે છે.

**૨.** અરજદારે ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહિ, સાહેદોને ધમકાવવા પ્રયત્ન કરવો નહી.

**૩.** અરજદારે લો એન્ડ ઓર્ડરનું પાલન કરવું, કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવવું નહી.

**૪.** અરજદારે દસ્તાવેજી પુરાવા સાથેનું સરનામું કોર્ટ સમક્ષ રજુ કરવું અને કોર્ટની પરવાનગી વિના તેમાં ફેરફાર કરવો નહી.

**૫.** અરજદારે કોર્ટ સમક્ષ તેનો કોન્ટેક નંબર તથા જામીનદારનો કોન્ટેક નંબર જાહેર કરવો અને તેમાં ફેરફાર થયેથી કોર્ટને પૂર્વ જાણ કરવી.

**૬.** અરજદારે ટ્રાયલની કોર્ટની પરવાનગી વિના ભારત બહાર જવું નહી.

**૭.** અરજદારે પોતાનો પાસપોર્ટ હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો ન હોય તો તે અંગેનું સોગંદનામું એક અઠવાડિયામાં જાહેર કરવું.

૮. અરજદારે ચાર્જશીટ થતા સુધી સંલગ્ન પો.સ્ટે. સવારે ૧૧.૦૦ થી ૨– ૦૦ દરમ્યાન મહીનામાં એક વખત હાજરી પુરાવવી.

આ જામીન અરજીમાં કેસની હકીકત સંબંધે અને પુરાવા સંબંધે આપેલ તારણો માત્ર જામીન અરજીના નિર્ણય સંબંધે છે, તેનાથી કેસની ટ્રાયલને કોઇ અસર થશે નહી.

આ હુકમની જાણ સંબંધિત કોર્ટ, પોલીસ સ્ટેશનને કરવી તેમજ જેલ ઓથોરીટીને ઇ–મેઇલ કરવો.

હુકમ, આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૩/૨૦૨૬
સ્થળ : મહેસાણા.

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
૫માં એડીશ્નલ સેશન્સ જજ
મહેસાણા.
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)

*(P.A/ M.M.Farooqui)*